## જાયન્ટ્સ વેલ્ફેર ફાઉન્ડેશન ફેડરેશન - ઉસીમાં નિયુક્તિ

જાયન્ટસ ગ્રુપ ઓફ બાયડ ના પૂર્વ પ્રમુખ (એન સી એફ) ધર્મેશ સોની અને પૂર્વ પ્રમુખ ગિરીશ પટેલ, પૂર્વ પ્રમુખ કુમુદભાઈ ભાવસાર ની શ્રેષ્ઠ કામગીરીને ધ્યાને લઈ જાયન્ટસ વેલ્ફેર ફાઉન્ડેશન ફેડરેશન - ઉસી મા ધર્મેશ સોની ને સાબરકાંઠા/અરવલ્લી જિલ્લાના એરીયા ચીફ તરીકે વરણી કરવામાં આવી. જ્યારે કુમુદભાઈ ભાવસાર ફેડરેશન ઓફિસર તરીકે અને ગિરીશ પટેલ ને યુનિટ-૨ માં યુનિટ ડાયરેક્ટર તરીકે વરણી કરવામાં આવી ત્યારે ફેડરેશન પ્રમુખ સમીરભાઈ શર્મા, ફેડરેશન સેક્રેટરી હર્ષાબેન ભાવસાર, જાયન્ટ્સ ગ્રુપ બાયડના પૂર્વ પ્રમુખ ડૉ. બી પી ચૌધરી,પૂર્વ પ્રમુખ ડૉ. મીનેશભાઈ ગાંધી,પૂર્વ પ્રમુખ સંજયભાઈ શાહ, એડવાઈઝર બોર્ડ મેમ્બર ડૉ. એમ એસ પટેલ, ડૉ. પી જી શાહ, ડૉ. એમ બી પટેલ, પૂર્વ પ્રમુખ શૈલેષ ભાટીયા, જાયન્ટસ ગ્રુપ ઓફ બાયડ ના પ્રમુખ ડૉ. દેવમ્ સોની તથા તેમની ટીમ અને જાયન્ટસ ગ્રુપ બાયડ તથા જાયન્ટસ ગ્રુપ ઓફ બાયડ સાહેલી ના તમામ સભ્યોએ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

## પ્રાંતિજની આંગણવાડીની બહેનોને માતા યશોદા એવોર્ડ એનાયત

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ આંગણવાડી ની બહેનોને એવોર્ડ એનાયત કરવામા આવી. પ્રાંતિજ વ્હોરવાડ ખાતે કાર્યરત આંગણવાડીની શ્રેષ્ઠ કામગીરી ધ્યાને લઈ કાર્યકર અને તેડાગર બહેનોને તાજેતરમાં માતા યશોદા એવોર્ડ-૨૦૨૦ એનાયત કરાયો હતો જેમા વ્હોરવાડ-૨ વિસ્તારની આંગણવાડીના કાર્યકર બહેન દાણાવાલા તસ્નીમબેન એમ. તથા તેડાગર શેખ અસ્માબાનુ એચ. બાળકો માટેની ઉત્તમ કામગીરી કરી રહ્યા છે તેને ધ્યાને લઈને રાજ્યનાં મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા ઉક્ત બંને બહેનોને ૨૦૨૦નો માતા યશોદા એવોર્ડ હિંમતનગર ખાતે એક સમારોહમાં એનાયત કરાયો હતો.

## ડીસા હવામાન કચેરીની વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી

ડીસા મામલતદાર કચેરીમાં આવેલ હવામાન વિભાગની કચેરી ખાતે સરકારી પોલીટેકનીક કોલેજના વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી હતી. જેમાં હવામાન વિભાગના કાનજીભાઈ દેસાઈ તથા હરેશભાઈ ચૌધરી દ્વારા વિદ્યાર્થીઓને હવામાન અંગે મહત્વપૂર્ણ જાણકારી આપવામાં આવી હતી તેમજ અપર લોઅર સર્કયુલેશન અને હવામાનમાં થતા આકસ્મિક ફેરફાર અંગેની પણ મહત્વપૂર્ણ જાણકારી આપવામાં આવી હતી.

## પ્રાંતિજમાં સિંધી સમાજના ભાઈ-બહેનો દ્વારા પવિત્ર ચેટી ચંડ પર્વ શ્રધ્ધાપૂર્વક ઉજવણી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે વસવાટ કરતાં સિંધી સમાજના ભાઈ -બહેનો દ્વારા પવિત્ર ચેટી ચાંદ પર્વની શ્રધ્ધા અને ઉલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી. પ્રાંતિજ સહિત તાલુકામાં રહેતા સિંધી સમાજનાં ભાઇ બહેનો દ્વારા દર વર્ષ ની જેમ આ વર્ષે પણ પ્રાંતિજ ખાતે બેન્ડવાજા સાથે બગી માં ભગવાન ઝુલેલાલ ની શોભાયાત્રા કાઢવામાં આવી હતી જેમાં સવારે પ્રાંતિજ સિંધી સમાજ ની પરબ ખાતે થી બાઇક રેલી પ્રાંતિજ થી તલોદ ખાતે પોહચી હતી જયા મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર દ્વારા રેલી નુ સ્વાગત કર્યુ હતુ અને બપોર બાદ પ્રાંતિજ ભાંખરીયા બસસ્ટેશન ખાતે આવેલ મહાકાલી મંદિર થી શોભાયાત્રા નિકળી હતી અને ત્યાંથી સિધી સમાજ ની પરબ, બજારચોક થઈ ને શ્રી માકડેશ્વર મહાદેવ મંદિર ખાતે શોભાયાત્રા પહોચ્યો હતી તો સિંધી સમાજના ભાઇ બહેનો દ્વારા ગરબા પૂંજા આરતી અને પ્રસાદ નો લાભ લઇને ધન્યતા અનુભવી હતી આ પ્રસંગે સિંધી સમાજના પ્રમુખ ધરમદાસ ટેકવાણી , રતિલાલ ટેકવાણી , જગદીશભાઇ કિમતાણી , જમનાદાસભાઇ વકીલ,રાજેશભાઇ ટેકવાણી વગેરે સમાજ ના આગેવાનો સહિત ભાઇ બહેનો મોટી સંખ્યામાં જોડાયાં હતાં અને માર્કડેશ્વર મહાદેવ મંદિર ખાતે દિપક જોતનું દર વર્ષ ની જેમ વિસર્જન કર્યું હતું .

## અરવલ્લી : વધુ એક ASI ને PSI તરીકે હંગામી બઢતી મળતા પોલીસ પરિવારમાં ઉત્સાહ ભર્યો માહોલ

અરવલ્લી જીલ્લામાં ફરજ બજાવતા ૬ આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેકટરને થોડા મહિના અગાઉ હંગામી ધોરણે પીએસઆઈ તરીકે બઢતી આપી જીલ્લામાં નિમણુંક કરી હતી ત્યારે જીલ્લામાં એએસઆઈ તરીકે ફરજ બજાવતા ભુપેન્દ્રભાઈ પટેલને હંગામી પોલીસ સબ ઈન્સ્પેકટર તરીકે બઢતી અપાતા પોલીસબેડામાં અને પરિવારજનોમાં આનંદ છવાયો હતો જીલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતે સ્ટાર લગાવી નિમણુંક આપી અભિનંદન પાઠવ્યા હતા. રાજ્ય સરકાર દ્વારા પોલીસ વિભાગમાં ફરજ બજાવતા એએસઆઈને કરાર આધારિત હંગામી ધોરણે પી એસ આઈ બનાવવા ગાંધીનગર રેંજ આઈજી અભય ચુડાસમા દ્વારા બઢતીના હુકમ થતા જીલ્લા પોલીસતંત્રમાં ફરજ બજાવતા ભુપેન્દ્રભાઈ પટેલને એસપી સંજય ખરાતે પીએસઆઈના સ્ટાર લગાવી નિમણુંક આપી હતી જીલ્લામાં ફરજ બજાવતા અન્ય એએસઆઈમાં પણ નિવૃત્ત થાય તે પહેલા પીએસઆઈની વર્ધી પહેરવા ભારે થનગનાટ જોવાઈ રહ્યો છે

### અંબાજી-રાજસ્થાન સુધીના પરિવારો ઉમટ્યા

# સાબરકાંઠાના ગુણભાંખરીમાં ચિત્ર વિચિત્ર મેળાના પ્રથમ દિવસે મેદની ઉમટી

### દુનિયાનો સૌ પ્રથમ રડતો મેળો ગુજરાતમાં એકમાત્ર આદિવાસી સમાજના પિતૃઓના અસ્થિ વિસર્જનની વિધિ માટે યોજાતો મેળો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

ગુજરાતમાં એકમાત્ર આદિવાસી સમાજના પિતૃઓના અસ્થિ વિસર્જનની વિધિ માટે પોશીના તાલુકાના ગુણભાંખરીમાં યોજાતા આદિવાસી પ્રજાના ૨ દિવસના પરંપરાગત મેળાનો આરંભ થયો છે જેમાં અંબાજી-રાજસ્થાન સુધીના આદિવાસી પરિવારો પિવું અસ્થિના વિસર્જન માટે આવ્યા હતા. નદીઓના ત્રિવેણી સંગમ કિનારે યોજાતા મેળામાં પરંપરાગત આદિવાસી સંસ્કૃતિનું દર્શન થતું હોવાથી દૂર દૂરથી લોકો મેળાની રંગત માણવા માટે ઉમટતા હોય છે. કોરોનાના બે વર્ષ દરમ્યાન મેળાની રંગત ફિક્કી રહી પરંતુ હવે સંક્રમણ ઘટ્યું હોવાથી પ્રથમ દિવસથી મેળામાં દૂર દૂરથી વેપારીઓ ઉમટી પડ્યા હતા. આદિવાસી સંસ્કૃતિ અને વિરાસતને સાચવીને બેઠેલા પોશીના પંથકમાં હોળીના ૧૫ દિવસ પછી ચૈત્ર સુદ એકમથી આદિવાસી પ્રજા પિતૃઓને તર્પણ કરવાના આશયથી હજારોની સંખ્યામાં ગુણભાંખરી ગામે ઉમટી પિતૃઓને તર્પણ આપતી હોય છે. આદિવાસી પ્રજા માટે વર્ષોથી આ સ્થળ ગંગા અને હરિદ્વાર જેવું બની રહ્યું છે. મહાભારત કાળની કથા અનુસાર ગાગવેજી, ગંગાજી, સત્યવતી અને તેમના પુત્ર ચિત્રો અને વિચિત્ર દ્વારા માનસિક પાપ થઈ ગયું. જેનું પ્રાયશ્ચિત કરવા માટે જ્યાં ૩ નદીઓનો સંગમ હોય, પારસ પીપળાનું વૃક્ષ હોય અને કુંવારી જમીન હોય ત્યાં ગાયના ગોબરથી અગ્નિ પ્રગટાવી કઠોર તપશ્ચર્યા કરવામાં આવે તો જ પ્રાયશ્ચિત થઈ શકે તેવું જાણી ચિત્રો અને વિચિત્ર બંન્ને ભાઈઓ આખા ભારતમાં ફર્યા હતા પરંતુ ક્યાંય તેમને આવી જગ્યા મળી શકી ન હતી. પાપના પ્રાયશ્ચિત માટે બંન્ને ભાઈઓએ પ્રાણની આહૂતિ આપવાનો નિર્ણય કર્યો પરંતુ આ સ્થળે આવેલા બંને ભાઈઓની આદિવાસી ભાઈ-બહેનોએ મદદ કરતાં આશીર્વાદ આપી પાપોનું પ્રાયશ્ચિત કર્યું હતું ત્યારથી જ ગુણભાંખરીના આ સ્થળે ચિત્ર વિચિત્રનો મેળો યોજાતો આવ્યો છે. આ સ્થળે પિતૃ તર્પણની વિધિ સમયે આદિવાસી ભાઈ-બહેનો પિતૃઓની યાદમાં હૈયાફાટ રૂદણ કરતાં હોવાના કારણે દુનિયાનો સૌથી રડતો મેળો પણ કહેવાય છે. મેળાની શરૂઆત થાય એટલે વહેલી પરોઢે માતાઓ અને બહેનો તેમના સ્વર્ગવાસી સ્વજનોને યાદ કરી જોર જોરથી રડતા હોય છે. આ સમયે ગમે તેવા કઠણ હૃદયના માનવીનું હૃદય હચમચી જતું હોય છે. છેલ્લે પરિવારનો સૌથી મોટો પુત્ર હોય તે મૃતાત્માઓના અસ્થિઓનું ત્રિવેણી સંગમ અસ્થિ વિસર્જન કરતો હોય છે. તા. ૧ એપ્રિલથી અનોખા આ મેળાની બે દિવસ માટે શરુઆત થતાં દૂર દૂરથી વેપારીઓ મેળા સ્થળે ઉમટી પડ્યા છે. મેળા દરમ્યાન આદિવાસી સમાજની ભાતીગળ સંસ્કૃતિને જોવા માટે પણ દૂર દૂરથી લોકો આવતા હોય છે. જ્યારે મેળા દરમ્યાન આદિવાસી યુવક-યુવતીઓમાં પ્રણયના સબંધો બંધાતા હોય છે. જેમાં યુવતીઓ ખાસ કરીને મનના માણીગરની શોધ વધુ કરતી હોય છે. એકબીજાને પાત્રો અનુકુળ હોય તો ટોપરું અને ગોળ ખવડાવી જીવન સાથીની મેળામાં જ પસંદગી કરવામાં આવતી હોય છે. રાત્રે પણ દેવમંદિરના સાનિધ્યમાં ચિત્ર વિચિત્રના મેળામાં આદિવાસી ભજન મંડળો દ્વારા કિર્તન કરવામાં આવતાં હોય છે. આજના આધુનિક યુગમાં પણ આ મેળાનું આકર્ષણ જળવાયેલું રહ્યું હોવાના કારણે પ્રથમ દિવસથી જ દૂર દૂરથી આદિવાસી પ્રજાજનો મેળાની રંગત માણવા તેમજ પિતૃઓના અસ્થિ વિસર્જનની વિધિ માટે ઉમટી પડ્યા હતા.

### મા. અને ઉ.મા. શાળાના કર્મચારીઓ પણ જોડાયા

# ઉત્તર ગુજરાતના ૧૬ હજાર પ્રા.શિક્ષકોએ કાળીપટ્ટી ધારણ કરી, તા.૧ એપ્રિલને બ્લેક-ડે મનાવ્યો

### પડતર પ્રશ્નો અને જૂની પેન્શન યોજનાના મુદ્દે આંદોલનનો માર્ગ શાળા સમય પહેલાં ૨ મીનીટ મૌન પાળી બેનરો સાથે સૂત્રો પોકાર્યાઃ શિક્ષકોનો રોષ સરકાર માટે મુશ્કેલી ઉભી કરે તેવા સંકેત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

જગતના તાત પછી ગુરુજનોએ સરકાર સામે મોરચો માંડ્યો છે. પડતર પ્રશ્નો અને જૂની પેન્શન યોજના મુદ્દે યોગ્ય ઉકેલ ન આવતાં તા.૧ એપ્રિલથી રાજ્યના તેમજ ઉત્તર ગુજરાતના ૧૬ હજારથી વધુ પ્રા.શિક્ષકોએ શાળા સમય પહેલાં શાળા પરીસરમાં આવી ૨ મીનીટ મૌન પાળી સૂત્રો પોકારી કાળીપટ્ટી ધારણ કરી તા.૧ એપ્રિલને બ્લેક-ડે તરીકે ઉજવ્યો હતો. શિક્ષકોની જૂની પેન્શન યોજના સહિત પડતર માંગ નહીં સંતોષાય તો રાજ્ય સરકાર માટે શિક્ષકોનો રોષ મુશ્કેલરુપ સાબિત થઈ શકે છે. ઉત્તર ગુજરાતની સરકારી પ્રા. શાળાઓમાં શિક્ષકોએ કાળીપટ્ટી ધારણ કરી પડતર પ્રશ્નોના ઉકેલ માટે પોતાનો અવાજ સરકાર સુધી પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો. પેન્શન મુદ્દે થઈ રહેલા અન્યાયમાં મા. અને ઉ.મા. શાળાઓના કર્મચારીઓ પણ કાળીપટ્ટી ધારણ કરી આંદોલનમાં જોડાયા હતા.

પ્રાપ્ત જાણકારી અનુસાર છેલ્લા કેટલાય સમયથી રાજ્યની સરકારી પ્રા. શાળાઓમાં ફરજ બજાવતા પ્રા.શિક્ષકોના અનેક પડતર પ્રશ્નો લાંબા સમયથી ઉકેલાતા નથી. રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ તેમજ રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા તબક્કાવાર મુખ્ય મંત્રી, પ્રદેશ પ્રમુખ, શિક્ષણ મંત્રી અને વિભાગના અધિકારીઓને જૂની પેન્શન યોજના અમલ બનાવવા અને પડતર પ્રશ્નોના ઉકેલ લાવવા માટે રજૂઆતો તેમજ તે અગાઉ ધરણાં સહિત સોશ્યલ મીડીયા દ્વારા પણ અનેક કાર્યક્રમો આપ્યા હતા પરંતુ પ્રશ્નોનો હલ આવ્યો ન હતો. જેથી તા.૧ એપ્રિલથી સરકાર સામે લડતનો માર્ગ અખત્યાર કરવાનો સંઘો દ્વારા નિર્ણય કરાયો હતો જે મુજબ સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાની ૯૨૦૦ પ્રાથમિક શાળાઓના જૂની પેન્શન યોજનાના લાભ માટે લડતા ૧૬ હજારથી વધુ પ્રા.શિક્ષકો પોતાની પડતર માંગ મુદે કાળીપટ્ટી ધારણ કરી શુક્રવારે સવારે શાળામાં પહોંચ્યા હતા અને શાળાના સમય કરતાં ૧૫ મીનીટ પહેલાં શાળામાં આવી ૨ મીનીટ મૌન પાળી બેનરો સાથે સૂત્રોચ્ચાર પોકારતાં અનેક શાળાઓ આગળ શિક્ષકોના આંદોલનને નિહાળવા વાલીઓ તેમજ ગ્રામજનો એકઠા થયાનું પણ જાણવા મળ્યું છે.

**શિક્ષકોનો આક્રોશ, કાળા દિવસને ૧૭ વર્ષ પૂરા થયા**

સરકારી પ્રા. શાળાના શિક્ષકોએ જણાવ્યું કે તા.૧ એપ્રિલ-૨૦૦૫ના દિવસે અમને સમાચાર મળ્યા કે તમારી વૃદ્ધાવસ્થાની લાકડી છીનવાઈ ગઈ. ૨૦૦૪માં નોકરી મળી તેનો આનંદ હતો પરંતુ ૨૫૦૦ ફિક્સનું દુખ હતું. એમાં અધુરામાં પેન્શન બંધ. હું અને મારો પરિવાર આ કાળા દિવસને આજે નવી પેન્શન નીતિના વિરોધમાં ઉજવીશું. આ કાળા દિવસને ૧૭ વર્ષ પુરા થયાનું શિક્ષકોએ જણાવ્યું છે.

**શિક્ષકોએ બેનરો સાથે નારા લગાવ્યા, પુરાની પેન્શન, અધિકાર હમારા**

શિક્ષકોએ તા.૧ એપ્રિલે શાળામાં બેનરો સાથે સૂત્રોચ્ચાર પોકાર્યા હતા જેમાં એક હી માંગ, એક હી નારા પુરાની પેન્શન અધિકાર હમારા.

# બનાસકાંઠા જિલ્લાના ધાનેરા બસ સ્ટેન્ડમાં ધાણા અને આજુબાજુના ગામના વિદ્યાર્થીઓ બંધ પડેલ બસ શરૂ કરવા આવેદનપત્ર

ધાનેરા તા. ૨

'એસટી અમારી સલામત સવારી, હાથ કરો ને બસ રોકો'ના સૂત્રો સાંભળવામાં આવે છે .બસ પર લખાયેલા વંચાય પણ છે. પણ જ્યાં બસ જ ન આવતી હોય ત્યાં આ સૂત્રો નકામા સાબિત થાય છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી.પરમાર નો અહેવાલ જણાવે છે કે, લાખણીના ધાણા ગામ અને આજુબાજુના ગામના વિધાર્થીઓ અને લોકોને બે વર્ષથી બસની સુવિધા મળતી નથી. પરિણામે સ્થાનિકો અને વિધાર્થીને અવરજવર માટે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. જેને લઈને બસ શરૂ કરવા વિધાર્થીઓએ ધાનેરા બસ સ્ટેશન ખાતે પહોંચી બસ રોકી અર્ધનગ્ન અવસ્થામાં બસ આગળ બેસી સૂત્રોચ્ચાર કરી ઉગ્ર રજુઆત કરી બસ ચાલુ કરવા આવેદનપત્ર આપ્યું હતું. એક વિદ્યાર્થી જણાવ્યુ કે, અમારે બસની કોઈ સુવિધા નથી માટે અમારે સ્કુલ-કોલેજ જવામાં મુશ્કેલી પડી રહી છે. એક સ્થાનિકે કહ્યુ કે, જો બસ ચાલુ નહિ કરવામાં આવે તો અમે ઉગ્ર આંદોલન કરીશું. લાખણીના ધાણા અને આજુબાજુના ઘણા ગામોના વિધાર્થીઓ અભ્યાસ અર્થે ધાનેરા આવે છે પણ કોરોના કાળ દરમિયાન બસ બંધ થઈ જતા હજુ સુધી ચાલુ ન થઈ નથી. આજે વિધાર્થીઓ આવેદનપત્ર આપી સુત્રોચ્ચાર સાથે બસ આગળ અર્ધનગ્ન અવસ્થામાં બેસી ને વિરોધ નોંધાવ્યો હતો. જેમાં ગામડાઓના સ્થાનિક લોકો પણ જોડાયા હતા જેમણે બસ પ દિવસમાં ચાલુ કરવાની લેખિત અને મૌખિક માંગ કરી હતી. જો બસ શરૂ કરવામાં નહિ આવે તો આગામી સમયમાં ધાનેરા એસ ટી ડેપોનો ઘેરાવો કરવામાં આવશે તેવી ચમકી ઉચ્ચારી હતી. સતત બે વર્ષથી બસ બંધ છે, જેની અગાઉ પણ રજુઆત થઈ હતી. છતાં બસ શરૂ ન થતા વિધાર્થીઓ આજે ઉગ્ર બન્યા હતા .જોકે આજે વિધાર્થીઓનું આવેદનપત્ર સ્વીકારીને ડેપો ટ્રાફિક કંટ્રોલરે આગળ ડેપો મેનેજરનું ધ્યાન દોરી સત્વરે ઘટતું કરવાની ખાતરી આપી હતી .આ વિશે ધાનેરા બસ સ્ટેશનના ડેપો ઈન્ચાર્જ મેવાભાઈ પટેલે જણાવ્યુ કે બે વર્ષથી બસ બંધ છે વિદ્યાર્થીઓએ આવેદનપત્ર આપ્યું છે જે આગળ મોકલી બસ ચાલુ કરાવીશું .ધાનેરા તાલુકાના અનેક ગામડા આજે પણ બસ સુવિધાથી વંચિત છે રાજસ્થાન સરહદે આવેલો તાલુકો હોવાથી બસ સુવિધા અગત્યની બની જાય છે .પણ જે સુવિધા સ્થાનિકોને મળવી જોઈએ એ એસટી તંત્ર આપવાના ઉણું ઉતર્યું છે ત્યારે જોવાનું એ રહ્યું છે કે વિધાર્થીઓની ઉગ્ર રજુઆત બાદ બસ હવે ક્યારે ચાલુ થાય છે.

# 'મહેંગા પેટ્રોલ,સસ્તા દારૂ' ના સુત્રોચ્ચાર સાથે કોંગ્રેસ આક્રમક મૂડમાં : ૫૦ કાર્યકરોની અટકાયત, પોલિસે ઉપાડી-ઉપાડી ગાડીમાં બેસાડ્યા !

મોડાસા, તા. ૨

રાજ્ય સહિત દેશભરમાં મોંઘવારીને લઈને કોંગ્રેસ પાર્ટી દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે, ત્યારે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા વિરોધ કરવાના આદેશ બાદ અરવલ્લી જિલ્લા કોંગ્રેસ પાર્ટી દ્વારા વિરોધ કરવામાં આવ્યો. મોડાસા મહાલક્ષ્મી ટાઉનો હોલ ખાતે કોંગ્રેસ પાર્ટી દ્વારા ભારે વિરોધ કરવામાં આવ્યો હતો, જેમાં જિલ્લાભરમાંથી મોટી સંખ્યામાં કોંગી નેતાઓ જોડાયા હતા. તેલના ડબ્બા સાથે કોંગી નેતાઓ મહાલક્ષ્મી ટાઉન હોલ ખાતે પહોંચ્યા હતા, અને ખાલી ડબ્બા વગાડી વિરોધ દર્શાવ્યો હતો. તેલ,પેટ્રોલ-ડિઝલ અને વારંવાર પેપર લીકની ઘટનાઓને લઈને કોંગ્રેસ પાર્ટી દ્વારા વિરોધ કર્યો હતો. કોંગ્રેસના વિરોધમાં પ્રથમવાર દારૂબંધીને લઈને વિરોધ જોવા મળ્યો. ગુજરાતમાં દારૂબંધી છે ત્યારે મોંઘવારીમાં દારૂ કરતા તેલના ભાવમાં ધરખમ વધારો થયો હોવાનું કોંગ્રેસ પાર્ટીએ સુત્રોચ્ચાર કરી લોકો સુધી સંદેશ પહોંચાડ્યો હતો. અરવલ્લી જિલ્લામાં કોંગ્રેસ પાર્ટીના વિરોધમાં સસ્તા દારૂ, મહેંગા તેલના સુત્રોચ્ચાર સાંભળવા મળ્યા હતા, ત્યારે એકવાત સ્પષ્ટ છે કે, અરવલ્લી જિલ્લામાં ઠેર ઠેર દારૂનું વેચાણ થાય છે, અને તે પણ સસ્તા ભાવે, કારણ કે, કોંગ્રેસ પાર્ટીમાં સુત્રોચ્ચાર થયા, સસ્તા દારૂ મહેંગા તેલ.

**પેપર લીકની ઘટનાનો પણ વિરોધ**

વારંવાર પેપર લીક જેવી ઘટનાઓ થતાં ઉમેદવારોની મહેનત પણ પાણી ફરી વળતા કોંગ્રેસ પાર્ટી દ્વારા ભારે વિરોધ કરવામાં આવ્યો હતો. અરવલ્લી જિલ્લા કોંગ્રેસ પાર્ટી દ્વારા સુત્રોચ્ચાર કરીને પેપર લીકની ઘટનાથી ઉમેદવારોને અન્યાય થતો હોવાનું પાર્ટીના આગેવાનોએ જણાવ્યું હતું.

**પોલિસ ગ્રેડ પે થી પોલિસ કર્મીઓ નારાજ !**

હાલ પોલિસ કર્મચારીઓના ગ્રેડ પે ને લઈને વિરોધ કરવામાં આવ્યો હતો ત્યારે અમદાવાદ ખાતે સસ્પેન્ડેડ મહિલા પોલિસ કર્મચારી એકમાત્ર પોલિસ ગ્રેડ પે ને લઈને વિરોધ કરી રહી છે ત્યારે કોંગ્રેસ પાર્ટી દ્વારા પણ પોલિસ ગ્રેડ પે ને લઈને વિરોધ કરવામાં આવ્યો હતો. સામાન્ય તેમજ ગરીબ પરિવારોએ ઘર ચલાવવું મુશ્કેલ બન્યું છે, તેવા સુત્રોચ્ચાર સાથે કોંગ્રેસ પાર્ટીએ આક્રમક વિરોધ કર્યો હતો, મોડાસા મહાલક્ષ્મી ટાઉન હોલ ખાતેથી કોંગી નેતાઓએ ચાર રસ્તા પોલિસ ચોકીથી રેલી યોજી હતી, જે બસ સ્ટેશન પહોંચી હતી અને ત્યારબાદ પરત ફરતા ચાર રસ્તા પોલિસચોકી ખાતે ૫૦ જેટલા કાર્યકરોને પોલિસે અટકાય કરી હતી.

## જન્મદિને વધામણી

મિહિર ધીરુભાઈ પટેલ
આદિત્ય ઇલેક્ટ્રોનિક્સ,બાયડ
સ્વામિનારાયણ સોસાયટી ૧
બાયડ જીલ્લો અરવલ્લી

અનિલભાઈ એમ બ્રહ્મભટ્ટ
બાયડ જીલ્લો અરવલ્લી

ભાવિનકુમાર આર પટેલ
બાયડ (કલોલ)

એડવોકેટ સમીરભાઈ આર બલોચ
બાયડ જીલ્લો અરવલ્લી

નિર્મલભાઇ એસ માલીવાલ
બાયડ જીલ્લો અરવલ્લી

જાહિદભાઈ એમ મિર્ઝા
સંચાલક , ઊજ્જલેશ્વર બી.એડ કોલેજ બાયડ
જીલ્લો અરવલ્લી

ગોપાલ નવનીતભાઈ સોની
બાયડ, અમદાવાદ

હેમંતભાઈ કે ભાવસાર
સ્વામિનારાયણ સોસાયટી ,૧
બાયડ જિ.અરવલ્લી